શહેરના અગિયાર સ્થળોએ વિશ્વ દૃષ્ટિ દિવસે નિ:શુલ્ક નેત્ર નિદાન કેમ્પનું આયોજન

ગાંધીનગર, તા. ૭

સૃષ્ટિમાં દિવસે-દિવસે અંધ વ્યક્તિઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. અચાનક પ્રકાશમય જીવન અંધકારમાં ફેરવાઈ જાય છે અને ખાસ કરીને મધુપ્રમેહ ધરાવતા વ્યક્તિઓ ઝડપથી આખો ગુમાવી દે છે. નગરમાં વિશ્વ દૃષ્ટિ દિવસને લઈને અગિયાર જગ્યાએ મફત નેત્ર નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. ૯મી ઓક્ટોબ્રને સમગ્ર વિશ્વમાં વિશ્વ દૃષ્ટિ દિવસ તરીકે મનાવવામાં આવે છે ત્યારે તેજ આઈ સેન્ટરના ડૉ. તેજલ દલાલ અને ગાંધીનગર શહેર વસાહત મંડળ દ્વારા વધી રહેલી આંખોની બિમારીના કારણે ગાંધીનગરમાં ફ્રી નિદાન કેમ્પોનું આયોજન કર્યું છે. ગાંધીનગરના નાગરિકોનું જીવન અંધકારમય ન બને તે માટે કેમ્પ યોજવામાં આવશે. જેનો મોટી સંખ્યામાં લાભ લેવા પાટનગરવાસીઓને અનુરોધ કરવામાં આવ્યો છે.

તારીખ	સ્થળ	સમય
૮મી	પંચદેવ મંદિર, સે. ૨૨	સ. ૧૦ થી ૧૨
૯મી	જલારામ મંદિર, સે. ૨૯	૧૦ થી ૧૨
૯મી	જીઈબી કોલોની ૧૦ થી ૧૨	
૧૧મી	અરવિંદ કેન્દ્ર, સે. ૨૩	૧૦ થી ૧૨
૧૧મી	ચંદ્ર મૌલેશ્વર મહાદેવ મંદિર, સે. ૬	સાંજે ૫ થી ૭
૧૨મી	સ્વામિનારાયણ ધામ, રાંદેસણ	સાંજે ૫ થી ૭
૧૨મી	સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ, સે. ૭	સ. ૧૦ થી ૧૨
૧૩મી	બ્રહ્મસમાજ ભવન, સે. ૧૬	સાંજે ૫ થી ૭
૧૬મી	જુલેલાલ મંદિર, સે. ૩૦	સાંજે ૪.૩૦ થી ૭
૧૯મી	ગ્રીનસિટી, સે. ૨૬	સ. ૧૦ થી ૧૨
૨૭મી	જય અંબે પરિવાર સે. ૧૩	સ. ૧૦ થી ૧૨

ઘ-૦ સર્કલેથી રિક્ષા ડ્રાઈવર પાસે લાંચ માંગતો કોન્સ્ટેબલ ઝડપાયો

ડિટેઈન કરેલી રીક્ષા બાદ કરેલી જામીનની વિધીના વ્યવહાર માટે ૧ હજારની માંગણી કરી હતી : એસીબીએ ટ્રેપ ગોઠવી કોન્સ્ટેબલને પકડયો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના ઘ-૦ સર્કલ પાસેથી ગાંધીનગર એસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને રિક્ષા ચાલક પાસે વ્યવહારના રૂ. ૧ હજારની લાંચની માંગણી કરનાર સે-૭ પોલીસ સ્ટેશનના કોનસ્ટેબલને લાંચ લેતા રંગે હાથ ઝડપી પાડયો છે. કોન્સ્ટેબલની ધરપકડ કરીને ગાંધીનગર એસીબીની ટીમે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોટા ચિલોડાના રિક્ષા ડ્રાઈવર રફીક કરીમભાઈ મનસુરીની રિક્ષા નં. જીજે-૧ સીટી ૧૫૯૭ને ઘ-૦ સર્કલેથી બે સપ્તાહ પહેલા ૨૩ સપ્ટેમ્બરે ડીટેઈન કરવામાં આવી હતી. સે-૭ પોલીસ સ્ટેશનના કોન્સ્ટેબલ પ્રવિણ પાંડવે ડ્રાઈવરની જામીનની વિધી કરીને વ્યવહાર માટે રૂ. ૧ હજારની લાંચ માંગી હતી તે સમયે રફીક પાસે પૈસા ન હોવાથી બીજે દિવસે આપી દેવાનું નક્કી કર્યું હતું. આ લાંચની માંગણી માટે અવારનવાર ફોન કરીને કોન્સ્ટેબલે અંતે ફરીથી ગાંધીનગર આવે એટલે રિક્ષા ડિટેઈન કરી દઈશ તેવી ધમકી આપી હતી જે અંગે ગાંધીનગર એસીબીમાં રીક્ષા ડ્રાઈવરે ફરીયાદ કરતાં પી.આઈ. એમ.જે. ક્રિશ્ચિયન તથા તેમની ટીમે આજે સમી સાંજે ઘ-૦ સર્કલે ટ્રેપ ગોઠવીને રૂ. ૧ હજારની લાંચ લેતા કોન્સ્ટેબલને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

સેક્ટર-૩-સી માં આજે આનંદનો ગરબો

આનંદનો ગરબો સેક્ટર-૩-સીના શક્તિ ચોકમાં તા. ૮મી ઓક્ટોબરના બપોરે ૨થી ૫.૩૦ સુધી યોજાશે. જેમાં ભક્તોએ હાજર રહેવા જણાવેલ છે. પ્રફુલ્લાબેન ભાવસાર મહિલા પ્રમુખ શ્રી મા મેલડી આનંદ ગરબામંડળ સેક્ટર-૩-સી દ્વારા જણાવેલ છે.

સિવિલ હોસ્પિટલના સેક્ટર-૬ તરફના દરવાજાનું હાલમાં નવનીકરણ ચાલી રહ્યું છે. જેથી કરી સ્થાનિકોને થોડુ વધુ ચાલવુ પડે છે, પરંતુ થોડા સમય બાદ આ સમસ્યા દૂર થઈ જશે. (તસવીર : કશ્યપ નીમાવત)

એક વર્ષમાં ૪૦૦ ગાયો ચોરાઈ હોવાનો ભાટના પશુપાલકોનો આક્ષેપ

ઉગ્ર રજુઆત માટે પશુપાલકોનું ટોળું એકઠું થયું અને ડીએસપી પાસે સમય માંગ્યો

ગાંધીનગર,તા.૭

ગૌ વંશ ચોરીના મામલે ગાંધીનગર નજીક ભાટ ગામમાં પરિસ્થિતિ ઉગ્ર બની રહી છે. આજે પશુપાલકોનું ટોળું એકત્ર થયું હતું અને ભાટ ગામમાં ઉગ્ર ચર્ચાઓ કરી હતી. એક વર્ષમાં ૪૦૦થી વધુ ગાયો ભાટમાંથી ચોરાઈ હોવાના આક્ષેપ સાથે વધુ રજુઆત માટે ડીએસપી પાસે સમય માંગ્યો છે.

જિલ્લામાં અનેક ગામોમાં પશુ ચોરીના અને તેમાં પણ ખાસ કરીને ગૌવંશ ચોરીના કિસ્સાઓ વધી રહ્યા છે જેને લઈ ભાટ ગામના પશુપાલકો આ મામલે ગંભીર રીતે ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરી રહ્યા છે. આજે પણ ભાટ ગામના પશુપાલકોનું ટોળુ ગામમાં ભેગુ થયું હતું અને આ મામલે ગંભીરતાથી ચર્ચા કરી હતી. પશુપાલકોનો આક્ષેપ હતો કે એક વર્ષમાં ભાટ ગામમાંથી ૪૦૦થી વધુ ગાયોની ચોરી થઈ છે અને પોલીસની ગાડી નીકળ્યા બાદ પંદરથી વીસ મિનિટ બાદ જ પશુ ચોરતી ગેંગ વાહન લઈને આવે છે એમ કહીને પોલીસની કામગીરી પર પણ આક્ષેપો કર્યા હતા. આ અંગે ઉગ્ર રજુઆત માટે પશુપાલકોએ ડીસએપી પાસે સમય માંગ્યો છે.

કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાંથી ચાવીઓ, મોબાઈલ ઘરેણા મળી આવ્યા

યોગ્ય ઓળખ આપી પરત મેળવી લેવા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરના ખેલૈયાઓએ ઉત્સાહપૂર્વક કલ્ચરલ ફોરમના વિશાળ ગરબા ગ્રાઉન્ડમાં ગરબા ખેલી માતાજીની આરાધના કરી ત્યારે આ મહોત્સવને માણવા માટે આવનાર કેટલાક ખેલૈયા અને ગરબા રસીકોની કિંમતી વસ્તુઓ જેવી કે વાહનોની ચાવીઓ, લેડીઝ ઘરેણા તેમજ એક મોબાઈલ મળી આવેલ છે. જેની યોગ્ય ચિન્હ આપી આ વસ્તુઓ ગાંધીનગર સમાચાર સેકટર-૮ ખાતેથી મેળવી લેવી.

નવરાત્રીમાં મન મુકીને ગરબે ઘુમવા માટે ખેલૈયાઓ કાગડોળે રાહ જોતા હોય છે. ગરબા રસીકો આ મહોત્સવને માણવા ખૂબ જ ઈંતજાર કરતા હોય છે તેમજ પોતાના જૂના મિત્રો સાથે જૂની વાતોને વાગોળતા હોય છે ત્યારે કંઈક મેળવવાની ઈચ્છામાં ગરબા રસીકો થોડું ઘણું ગુમાવી પણ દેતા હોય છે. કલ્ચરલ ફોરમ ગાંધીનગરના વિશાળ ગરબા ગ્રાઉન્ડમાં નવ નવ દિવસ માં આદ્યશકિતની આરાધના કરવા ખેલૈયાઓ દોટ મૂકીને આવતા હતા તે દરમિયાન ખેલૈયાઓની કિંમતી ચીજવસ્તુઓ ગ્રાઉન્ડ ખાતેથી મળી આવી છે. જેમાં એક મોબાઈલ, કેટલાક વાહનોની ચાવીઓ અને મહિલાઓ માટેના ઘરેણા સંચાલકોને મળી આવ્યા છે. આ વસ્તુઓની યોગ્ય માહિતી આપી ગાંધીનગર સમાચાર સેકટર-૮ ખાતેથી લઈ લેવા ગરબા રસીકોને જણાવવામાં આવ્યું છે.

પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં યુવા મતદાર મહોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૭

શ્રી પી.કે. ચૌધરી મહિલા કોલેજમાં યુવા મતદાર મહોત્સવ-૨૦૧૪ વિષય અંતર્ગત તા. ૨૯-૯-૨૦૧૪ના રોજ સ્પર્ધા યોજાઈ.

યુવા મતદાર મહોત્સવ-૨૦૧૪ અંતર્ગત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર વિવિધ પ્રકારની સ્પર્ધાઓ યોજવામાં આવી. જેમાં મોસ્કોટ ડિઝાઈનીંગ, ફ્લેશ મોબ, ગીત લેખન વગેરેમાં કોલેજની વિદ્યાર્થીનીઓ ભાગ લીધો હતો. જેમાં લોકશાહીમાં યુવાનોની ભાગીદારી, મતદાર નોંધણી એ પ્રથમ પગલુ, ચૂંટણી પ્રક્રિયામાં સ્ત્રીઓમાં ઉત્સાહ વધારવાના ઉપાયો જેવા વિષયને આવરી લીધેલ હતા. જેમાં કોલેજ કક્ષાએ મેસ્કોટ ડિઝાઈનીંગમાં પ્રથમ ક્રમે એફ.વાય.બી.એ.ની ઠાકોર શૈલજા વી. દ્વિતીય ક્રમે ગોજીયા પૂનમ એસ. જે એસ.વાય.બી.એ અને તૃતીય ક્રમે મેસરીયા હિના પી. જે ટી.વાય.બી.એ. ગુજરાતીમાં અભ્યાસ કરે છે. આ વિજેતા બનેલ વિદ્યાર્થીનીઓને કોલેજના આચાર્યા શ્રી ડૉ. ઉર્મિલાબેન સી. ચૌધરી દ્વારા અભિનંદન પાઠવેલ છે.

સે. ૨૨ પટેલ પાર્લર પાસેથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર શહેરના સે. ૧૪ પાસે સ્થિત ગોકુલપુરા ગામે રહેતા રમેશજી ઠાકોર સેક્ટર-૨૨ ખાતે ઘ-રોડ પર સ્થિત પટેલ પાર્લર સામે પોતાનું બાઈક નં. જીજે-૧૮-એ.એન. ૭૯૨૮ પાર્ક કરીને બહાર ગયા હતા. સાંજે ૭ વાગે પાર્ક કરેલુ બાઈક ત્રણ કલાક બાદ ૧૦ વાગે જોયુ તો ગાયબ હતુ. રૂ. ૨૦હજારની કિંમતનું બાઈક લઈ શખ્સ ચોરી કરીને ફરાર થઈ ગયા હતા. સે. ૨૧ પોલીસે બાઈક ચોરીનો ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.

વિશ્વ દૃષ્ટિ દિવસે આઈ ચેક અપ કેમ્પ

જલારામ સેવા સમાજ, સે. ૨૯ અને તેજ આઈ સેન્ટર દ્વારા ડાયાબીટીશ અને આઈ ચેક અપ કેમ્પ યોજવામાં આવશે. વિશ્વ દૃષ્ટિ દિવસ તા. ૯ ઓક્ટોબરે જલારામ ધામ સેક્ટર-૨૯ ખાતે સવારે ૧૦.૦૦થી ૧૨.૦૦ કલાક દરમિયાન યોજવામાં આવશે. કેમ્પમાં ગાંધીનગરની જનતાને મોટી સંખ્યામાં લાભ લેવા જલારામ સેવા સમાજે જણાવ્યું છે.

સેકટર-૪-એમાં આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૭

આનંદનો ગરબો સેકટર-૪-એ પ્લોટ નં. ૧૯૧/૨ ભાવનાબેન પંડયાના નિવાસ સ્થાને તા. ૮મી ઓકટોબરના રોજ રાત્રે ૮ વાગે યોજાશે. જેમાં સર્વ ભકતોને હાજર રહેવા મહિલા પ્રમુખશ્રી મા મેલડી આનંદ મંડળ સેકટર-૩-સીના પ્રફુલ્લાબેન ભાવસારે જણાવેલ છે.

કોમર્સ કોલેજ કલોલ, કબડ્ડી (બહેનો) સ્પર્ધામાં ચેમ્પિયન

શાહ સી.કે. મ્યુનિસિલ કોમર્સ કોલેજમાં તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન રમત ગમત સમિતિ ઉપક્રમે કબડ્ડી (બહેનો) સ્પર્ધા તા. ૨૭-૯-૧૪ના રોજ આર્ટસ કોમર્સ કોલેજ, લુણાવાડા મુકામે યોજાઈ હતી. જેમાં ગુજરાત યુનિ. સંલગ્ન જુદી જુદી કોલેજોએ ભાગ લીધેલ હતો. આ સ્પર્ધામાં સતત વર્ષોથી ચેમ્પિયન બનતી પી.કે.ચૌધરી મહિલા કોલેજ, ગાંધીનગરને હરાવી શાહ સી.કે. મ્યુનિસિપલ કોમર્સ કોલેજની બહેનોની ટીમ જવલંત વિજય સાથે ચેમ્પિયન બની હતી. આ ગૌરવપ્રદ પ્રસંગે તમામ ખેલાડી બહેનો તથા સ્પોર્ટસ ડાયરેકટર ડૉ. બિમલ કે. જોષી, પ્રો. દક્ષાબેન ગોસ્વામીને કલોલ તાલુકા કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ તથા મંત્રીઓ પ્રફુલભાઈ તલસાણીયા, સંજયભાઈ શાહ, શૈલેષભાઈ વખારીયા, કોલેજ પ્રિન્સિપાલ ડૉ. શંકરસિંહ રાણાએ અભિનંદન પાઠવ્યા છે.

જી.ટી.યુ. યુથ ફેસ્ટીવલ ક્ષિતિજ-૨૦૧૪ માં બી.વી.એમ. એન્જીનીયરીંગ કોલેજ ચેમ્પીયન ઓફ ચેમ્પીયન્સ બની

ગાંધીનગર, તા. ૭

ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર દ્વારા સંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા આયોજીત યુથ ફેસ્ટીવલ ક્ષિતિજ-૨૦૧૪ માં ઈન્ટર ઝોનલ લેવલે ૩૩ પોઈન્ટ મેળવી પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ચેમ્પીયન બની ચેમ્પીયન ટ્રોફી હાંસલ કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે.

જી.ટી.યુ. દ્વારા ઊંઝા ખાતે ૫ અને ૬ ઓક્ટોબરના રોજ પાંચ ઝોન વચ્ચે યોજાયેલ યુથ ફેસ્ટીવલ 'ક્ષિતિજ-૧૪' માં કુલ ૭૩ કોલેજોના ૧૦૫૦ જેટલા સ્પર્ધકોએ મ્યુઝીક, ડાન્સ, થિયેટર, આર્ટસ અને લિટરેચર વગેરે જેવી વિવિધ ૨૪ જેટલી સ્પર્ધામાં ભાગ લીધો હતો. બી.વી. એમ. એન્જીનીયરીંગ કોલેજે વિવિધ આઠ સ્પર્ધાઓમાં વિજેતા બની જી.ટી.યુ. ઈન્ટરઝોનલ ઓવરઓલ ચેમ્પીયનશીપ પ્રાપ્ત કરી પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

વિજેતા ટીમના સભ્યોને તથા સ્ટુડન્ટ કાઉન્સીલના હોદ્દેદારોને ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ. સી.એલ. પટેલ, મંડળના હોદ્દેદારો, સંસ્થાના આચાર્ય ડૉ. એફ.એસ. ઉમરીગર તથા અધ્યાપકોએ અભિનંદન પાઠવી સફળતાને બિરદાવી હતી. આગામી દિવસોમાં પોતાની કારકિર્દીમાં વધુ ને વધુ આગળ વધે તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

બી.વી.એમ. એન્જીનીયરીંગ કોલેજના પ્રો. ભરતભાઈ પટેલ, પ્રો. અમિત ભાવસાર, પ્રો. ઘનશ્યામ રાઠોડ તથા પ્રો. આકાર રોઘેલીયા અને વિદ્યાર્થી પ્રતિનિધી તૃષીલ પટેલ (જી.એસ.) અને કાજલ ઠક્કર (એલ.આર.) સહિત ૪૬ વિદ્યાર્થીઓએ જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લઈ આ અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી હતી.

શહેરમાંથી ગુમ થયેલો ૧૫ વર્ષનો વિદ્યાર્થી ઉદેપુરથી મળી આવ્યો

ઠપકો મળશે એવા ડરથી ભાગી ગયો હતો અને ઉદેપુર જઈને દોઢ મહિનો પાણીપુરીનો ધંધો કર્યો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર શહેરના ફતેપુરા વિસ્તારમાં રહેતો અને પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલયમાં અભ્યાસ કરતો ૧૫ વર્ષનો વિદ્યાર્થી લાપતા થઈ ગયો હતો. તેનો ઉદેપુરથી પત્તો લાગ્યો છે. પિતા ઠપકો આપશે તેવા ડરથી ભાગી ગયેલા કિશોરે ઉદેપુર જઈને દોઢ મહિના સુધી પાણી-પુરીનો ધંધો કરી ગુજરાન ચલાવ્યું હતું. સે. ૭ પોલીસે તેને શોધીને વાલીને સોંપી દીધો છે.

ફતેપુરાનો રહેવાસી અને સે. ૩૦ માં પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય અભ્યાસ કરતો ૧૫ વર્ષિય આકાશ ચેતરામ રાજપુત ૧૬ જુલાઈએ લાપતા થઈ ગયો હતો. આ બનાવ અંગે સે. ૭ પોલીસ સ્ટેશનમાં અપહરણનો ગુનો નોંધાયો હતો. પી.આઈ. મીની જોસેફ તથા તેમની ટીમે લાપતા કિશોરને ઉદેપુરથી શોધી કાઢ્યો છે. આકાશે તેની બહેનને ફોન કર્યો હતો તે સમયે બનેવીએ વાત કરાવવાની ના પાડી હતી. જેને લઈ આકાશે બનેવીને ગાળો સંભળાવી દેતા આકાશના પિતાને ફરીયાદ કરી હતી. પિતા આકાશને ઠપકો આપશે તેવા ડરથી આકાશ ચાલ્યો ગયો હતો અને છેક ઉદેપુર પહોંચી ગયો હતો ત્યાં આકાશે ગુજરાન ચલાવવા માટે દોઢ મહિના સુધી પાણીપુરીનો ધંધો ચલાવ્યો હતો. સે. ૭ પોલીસની ટીમે તેને શોધી કાઢીને વાલીને સોંપી દીધો છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૪
સૂર્યાસ્ત : ૬.૨૦

તાપમાન

મહત્તમ : ૩૯.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૫.૦ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૬૪ ટકા ● સાંજે ૪૮ ટકા

મનોરંજન

સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

હેદર : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :

હેદર : ૧૧.૦૦

૩ એ.એમ. : ૨.૩૦

ખૂબસૂરત : ૪.૪૫

ગોવિંદુદુ અન્ડારીવાડેલે : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

બેંગ બેંગ : ૧૦.૦૦

હેદર : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

હેદર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

બેંગ બેંગ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦

હેદર : ૧૨.૩૦, ૬.૩૦

આપની આજ

મેષ : આપના દ્વારા કરાયેલા પ્રયત્નોથી વેપારને નવી ઊંચાઈઓ પ્રાપ્ત થશે. મનમાં ઉલ્લાસ અને જોશમાં વધારો થઈ શકશે. જે તમારા કાર્ય અને વેપારમાં કોઈ નવી ગતિ પ્રદાન કરશે.

વૃષભ : વિવાદોથી બચવું. વિશેષ પ્રયત્નથી કરવામાં આવેલા કાર્યોમાં સફળતા મળવાની સંભાવનાઓ રહેલી છે. નોકરીમાં સ્થિતિ સામાન્ય રહે તેવી શકયતાઓ છે.

મિથુન : ઉદાર મન તથા ક્ષમાવાન વ્યવહારથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રમાં તમારા આચરણની લોકો પ્રસંસા કરશે, નવા સંબંધ બંધાશે.

કર્ક : ભૌતિક સુધ પ્રાપ્ત થશે. જ્ઞાન, સાહિત્ય શિક્ષાનું ઉચ્ચસ્તરીય અધ્યયન થશે અને તેમા તમારો મોટાભાગનો સમય પસાર થશે. કૌટુંબિક મતભેદ સમાપ્ત થશે. વિદ્યાર્થીઓને ભણવામાં મન લાગશે.

સિંહ : કાર્યનો વિસ્તાર અને તેમાં નવીનતાનો પણ યોગ બનશે જે તમને મદદરૂપ સાબિત થઈ શકે છે. કૌટુંબિક કષ્ટ અને સમસ્યાઓનો સમાપ્ત થવાની શકયતાઓ છે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

કન્યા : વિશેષ લેવડ- દેવડથી બચવું. અર્થની પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. પરિશ્રમથી કાર્યમાં શુભ પરિણામ પ્રાપ્ત થાય છે. માતા-પિતાની ચિંતાઓ દૂર થતી જણાય. કાર્યોમાં વિલંબ થવાની સંભાવના છે .

તુલા : આપના દ્વારા વિવેકના વિપરિત કાર્ય થવાને કારણે હાનિ થઈ શકે છે. અટકેલા ધન માટે પ્રયાસ કરવાથી લાભ થવાની સંભાવનાઓ રહેલી છે. સગા- સ્નેહી, મિત્રો સાથે મુલાકાત થઈ શકશે.

વૃશ્ચિક : વ્યાપારિક ક્ષેત્ર વિસ્તૃત થઈ શકશે. વિરોધીઓ હેરાન-પરેશાન કરી શકે છે. જેનું ધ્યાન રાખીને પોતાની કામગીરી કરવી. કૌટુંબીજનો સાથે વાદવિવાદ ન થાય તેની કાળજી રાખવી.

ધન : કાર્યોમાં નવીન સમસ્યાઓ આવવાની શકયતાઓ છે. જેથી ધૈર્ય અત્યંત જરૂરી છે. ખર્ચ પર નિયંત્રણ રાખવું. નાણાંકીય મુશ્કેલીઓને કારણે મન અશાંત રહેશે.

મકર : માનસિક સંતોષ થતાં પ્રસન્નતા પ્રાપ્ત થશે. સંતાનની પ્રગતિના સમાચાર આજે પ્રાપ્ત મળી શકે છે. પૂર્વમાં કરલે કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકે છે. સુખદ યાત્રાનો યોગ બની રહ્યો છે.

કુંભ : સંપત્તિની ખરીદારીમાં લાભ પ્રાપ્ત થશે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. આર્થિક સ્થિતિ સુદૃઢ બનશે.

મીન : ઉચ્ચ સ્તરીય કલ્પનાઓમાં સમય પસાર થઈ શકે છે. યાત્રા-પ્રવાસ દરમ્યાન સાવધાની રાખવી હિતાવહ છે. કલાત્મક ક્ષેત્રોમાં વિશિષ્ટ ચિંતનનો યોગ બની રહ્યો છે. સત્સંગ થશે.

ચિરવિદાય

- સ્વ. વાસુદેવ સોમનાથ પાઠક (ઉ.વ.૬૬) મુ. રીદ્રોદ, તા. માણસા, જી. ગાંધીનગર
- સ્વ. રેવાભાઈ ભીખાભાઈ મકવાણા (ઉ.વ.૭૦) ૧૨૪, ઈન્દિરાનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર